# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડિયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪



### શાળા સંચાલકો અને વાલીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં શાળાએ ફી વધારા અંગે ચર્ચા દરમિયાન વાલીઓએ વિરોધ નોંધાવ્યો હતો

# નડિયાદ ETSમાં ફી વધારા મામલે વાલીઓ આક્રમક બન્યા

**શિક્ષણાધિકારીએ** તપાસ કરી કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.11

નડિયાદની ઈંગ્લિશ ટીચીંગ સ્કૂલ (ETS) ફરી વિવાદોમાં સપડાઈ છે. આ વખતે શાળાએ એકાએક ફી વધારાનો નિર્ણય લઈ લેતા વાલીઓમાં રોષની લાગણી વ્યાપી છે. શાળાની એક બેઠકમાં ફી વધારવા અંગે ચર્ચા થઈ હતી, જેમાં વાલીઓનો વિરોધ હતો, તેમ છતાં પોતાની મનમાની ચલાવી આ શાળાએ 35 ટકાનો ફી વધારો વાલીઓના માથે ઝીંકી દેતા હોબાળો થયો છે.

નડિયાદની ETS શાળાએ 35 ટકા ફી વધારો કરવાનો મનસ્વી નિર્ણય લીધો છે. જેના પગલે વાલીઓમાં રોષ ફેલાયો છે. થોડા સમય પહેલા શાળા અને વાલીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં શાળાએ ફી વધારા અંગે ચર્ચા કરી હતી, પરંતુ વાલીઓએ વિરોધ નોંધાવ્યો હતો. તેમ છતાં ETS પ્રશાસને 35 ટકા ફી વધારો લાગુ કરી દીધો છે. અગાઉ પણ અનેક વિવાદમાં રહેલા શાળા પ્રશાસનના નિર્ણયથી રોષે ભરાયેલા વાલીઓનો સમૂહ જિલ્લા શિક્ષણાધિકારી પાસે પહોંચ્યો હતો, જ્યાં આ સમગ્ર મામલે રજૂઆત કરી છે અને આ ફી વધારો પાછો ખેંચાય તેવી માગ કરી છે. તો સાથે જ આ સંદર્ભે તત્કાલ નિરાકરણ લાવવામાં આવે તેવી માગ સાથે વાલીગણોએ જિલ્લા કલેક્ટરને



તસવીર: હાર્દિક દેવકીયા

પણ રજૂઆત કરી છે. તેમજ આ અંગે યોગ્ય નિર્ણય ન લેવાય તો આગામી સમયમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની પણ તૈયારી પણ વાલીઓએ દર્શાવી છે. તો વાલીઓ શિક્ષણાધિકારી સમક્ષ આ મુદ્દો લઈને જતા જિલ્લા શિક્ષણાધિકારી કે.એચ. રાવલે જણાવ્યુ હતુ કે, વાલીઓ તરફથી આ મામલે રજૂઆત મળી છે, જે સંદર્ભે યોગ્ય તપાસ કરી અને જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે હવે આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ આપેલી હૈયાધારણા કેટલા અંશે કારગત નીવડે છે, તે તો સમય આવ્યે જોવા મળશે.

### 40 હજાર રૂપિયા ફી ભરવાની થશે: રિયા પટેલ, વાલી

મારા બે સંતાન ધોરણ-5માં અભ્યાસ કરે છે. જેમની પાંચમાં ધોરણમાં મેં 30-30 હજાર રૂપિયા ફી ભરી હતી. હવે તેઓ છઠ્ઠા ધોરણમાં આવ્યા છે, ત્યારે શાળા દ્વારા કરાયેલા ધરખમ ફી વધારાના કારણે મારે એક બાળકની 40 હજાર ફી ભરવાનો વખત આવશે, પરંતુ અમે આ ફી વધારાનો વિરોધ નોંધાવ્યો છે અને જિલ્લા કલેક્ટરને પણ રજૂઆત કરી છે.

### શાળા અગાઉ પણ વિવાદોમાં સપડાઈ છે

નડિયાદની ઈંગ્લિશ ટીચીંગ સ્કૂલનું પ્રશાસન વારંવાર વિવાદોમાં સપડાતુ રહ્યુ છે. અગાઉ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત બાળકોને પ્રવેશ ન આપવા મામલે વિવાદમાં આવી હતી. તો આ સાથે જ પોતાની શાળાના વિદ્યાર્થીઓને રીઝલ્ટ ન આપવા મામલે પણ હોબાળો થયો હતો. ત્યારે અવાર-નવાર વિવાદોમાં રહેતી આ શાળા સામે શિક્ષણ વિભાગ કેવા પગલાં લે છે, તે જોવુ રહ્યુ.

### FRCની પણ કોઈ મંજૂરી નહીં

આ સમગ્ર મામલે સૌથી મહત્વની બાબત એ છે કે, ખાનગી શાળાઓના ફી અંગેના નિર્ણયો અને નિયમો માટે રાજ્ય સરકારની ફી રેગ્યુલેશન કમિટી (FRC) આખરી નિર્ણયો લેતી હોય છે. ત્યારે કોઈ શાળાએ ફી વધારો કરવો હોય તો આ કમિટી પાસે દરખાસ્ત મોકલવાની હોય છે, પરંતુ મળતી માહિતી મુજબ મનસ્વી વર્તન કરતુ ETS પ્રશાસન FRCમાં પણ દરખાસ્ત મોકલ્યા વગર સીધો જ 35 ટકાનો ધરખમ ફી વધારો કરવાનો નિર્ણય લઈ લીધો છે.

# નડિયાદ: શ્રી સંતરામ મંદિરના 193માં સમાધિ મહોત્સવનો સંતોની ઉપસ્થિતિમાં થશે પ્રારંભ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.11

સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી સંતરામ મંદિરના 193માં સમાધિ મહોત્સવ નિમિત્તે આગામી દિવસોમાં ભારતના વિખ્યાત કથાવ્યાસની કથા યોજાશે. નડિયાદના આંગણે શ્રી શ્રી 1008 પૂ. મા કનકેશ્વરીદેવીજીના શ્રીમુખે સૌપ્રથમ વખત શિવમહાપુરાણ કથાનું આયોજન થયું છે. આગામી દિવસોમાં દરરોજ સવારે યોજાનાર આ કથા મહોત્સવમાં ગુજરાતભરના સંતો, મહંતો અને શ્રી સંતરામ મંદિરના શાખા મહંતોની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

સંતનગરી નડિયાદના શ્રી સંતરામ મંદિર ખાતે યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજના 193માં સમાધિ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલુ થઇ ગઇ છે. આગામી 24 ફેબ્રુઆરીએ સાકરવર્ષા અને સંતરામ મેળો ભરાશે. આ ઉપરાંત ભક્તિમય ગાન, સંગીતમય કાર્યક્રમ, ભક્તિ સંગીત ગરબા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વળી 13 ફેબ્રુઆરીથી 20 ફેબ્રુઆરી દરમ્યાન દરરોજ સવારે 10 થી 1 કલાકે સંતરામ મંદિરના લીમડાચોકવાળા કથામંડપ ખાતે સુપ્રસિદ્ધ શ્રી શ્રી 1008 મહામંડલેશ્વર પ.પૂ. માં કનકેશ્વરી દેવીજી દ્વારા શ્રી શિવમહાપુરાણ કથા યોજાશે. આ ઉપરાંત 4થી ફેબ્રુઆરીથી 12 ફેબ્રુઆરી રામચરિત માનસ નવાન્હ પારાયણ, સંતરામ વૃંદ દ્વારા શ્રી યોગીરાજ માનસ કથા સત્ર, 23 ફેબ્રુઆરીએ શ્રી ગુરુ પાદુકા પૂજન, સંતવૃંદ અને ભક્તો દ્વારા 21 ફેબ્રુઆરીએ શ્રી રામચરિત માનસ સમૂહ પારાયણ (અખંડ) યોજાશે. વળી આ મહોત્સવ દરમ્યાન તા. 13 થી 20 ફેબ્રુઆરી દરમ્યાન દરરોજ સાંજે 7.30 કલાકથી પદગાન ભજન સંધ્યા પણ યોજાશે. જેમાં અશ્વિન જોશી, આનંદનો ગરબો, અવિનાશ બારોટ દ્વારા સંગીતમય કાર્યક્રમ, સદાશીવ દવે અને સ્મૃતિ દવે દ્વારા ભક્તિમય ગાન (શિવનાદ વૃંદ) અને રીંકુબેન પટેલ દ્વારા ભક્તિ-સંગીત ગરબાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આગામી 24 ફેબ્રુઆરી એટલે કે મહાસુદ પૂર્ણિમાના રોજ દિવ્ય સાકર વર્ષા યોજાશે. આ સર્વે ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા ભક્તોને એક યાદી દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### નડિયાદમાં સૌપ્રથમ વખત મહામંડલેશ્વર માં કનકેશ્વરી દેવીજીની શિવમહાપુરાણ કથા

કથાકાર માં કનકેશ્વરી દેવીનો જન્મ મોરબી જિલ્લામાં થયો હતો. તેઓએ ફક્ત નવ વર્ષની ઉંમરમાં જ દિક્ષા મેળવીને ભગવાના શિવના દર્શન માટે અઘોર આરાધના શરુ કરી દીધી હતી, અને માત્ર 16 વર્ષની ઉંમરે પ્રથમ શિવકથા કહી હતી. આજે તેઓ ભારતભરમાં પોતાની સંગીતમય શિવકથાથી હજારો શિવભક્તોના હ્રદયમાં લાડીલું સ્થાન ધરાવે છે. વલી તેઓ અગ્નિ અખાડાના સૌપ્રથમ મહિલા મહામંડલેશ્વર પણ છે. મોરબી જિલ્લાના સિંહસ્થમાં ભૂખી માતા રોડ પર તેમનો આશ્રમ, આકાશ ઊંચા હનુમાનજીના સ્થાપન સહિતનો મોટો પંડાલ ચાલે છે, જે સૌથી મોટું અન્નક્ષેત્ર છે. અહીં રોજના લગભગ 30 હજારથી પણ વધુ લોકો ભોજન પ્રસાદી મેળવે છે.

### ખંભાત ધર્મજ રોડનાં ફૂલછોડ પાણી વગર સૂકાયા



ખંભાતથી ધર્મજ રોડ પર બે દાયકા પહેલાં બન્ને બાજુ ઘટાદાર વૃક્ષોની હારમાળા હતી. સમગ્ર જીલ્લામાં એકમાત્ર આ રોડને હરિયાળા ભોંયરાનુ બિરુદ મળ્યું હતું. પરંતુ સમયાંતરે વિકાસની રૂપરેખામાં આ તમામ વૃક્ષોનુ સરકારી તંત્રએ નિકંદન કાઢી નાખ્યું, બાદમાં વૃક્ષ ઉછેર માટેની કામગીરી હજુ સુધી અધ્ધરતાલ છે. રોડની વચ્ચે ડીવાઈડરની જગ્યા પર કેટલાક ફૂલછોડ રોપવામાં આવેલ છે. પ્રારંભે સંબંધિત તંત્ર એ જાળવણી કરીને ફૂલછોડનો ઉછેર કર્યો પણ હાલમાં આ ફૂલછોડ પાણી વગર સૂકાઈ રહ્યા છે. જેથી સંબંધિત તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે નિયમિત પાણી સિંચન કરવામાં આવે તેવી જરૂરીયાત ઉભી થવા પામી છે. જોવું રહ્યું કે પર્યાવરણ જાળવણીની આહલેક વચ્ચે ખંભાત ધર્મજ રોડનાં આ કુમળાં ફૂલછોડને પાણી ઉપલબ્ધ થશે કે કેમ?

# આણંદ: પ્રા. શાળાના શિક્ષકો 3 દિ' કાળી પટ્ટી ધારણ કરશે

**6 હજારથી વધુ** શિક્ષકો 13 થી 15 ફેબ્રુઆરી સુધી કાળી પટ્ટી પહેરી ફરજ બજાવશે

(પ્રતિનિધિ) આણંદ, તા.11

પ્રાથમિક શાળાના શિક્ષકોની પડતર માંગણી જેવી કે જૂની પેન્શન યોજના લાગુ કરવા, સીપીએફમાં 14 ટકા ફાળો ઉમેરવા સહિત પડતર માંગણીઓનું ઘણાં સમયથી કોઇ જ નિરાકરણ આવતું નથી. જેથી શિક્ષકો દ્વારા આગામી 13મી ફેબ્રુઆરીએ પુનઃલડત ચલાવશે. જેમાં 13થી 15 ફેબ્રુઆરી દરમિયાન આણંદ જિલ્લાની 992 પ્રાથમિક શાળાના 6 હજારથી વધુ શિક્ષકો કાળી પટ્ટી ધારણ કરીને સરકાર સામે વિરોધ નોંધાવશે. તેમજ 16મીએ કાળા કપડાં પહેરીને દિવસ દરમિયાન ફરજ બજાવીને વિરોધ કરવામાં આવનાર છે. તેમજ 23મીએ ગાંધીનગર ખાતે યોજાનાર ધરણાં કાર્યક્રમમાં જોડાશે.

શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા, સીપીએફમાં કર્મચારીઓને 10 ટકા કપાય છે, તેની સામે 14 ટકા ફાળો ઉમેરવા, કેન્દ્ર સરકારના ધારાધોરણ મુજબ સાતમાં પગાર પંચ મુજબ ભથ્થા ચૂકવવા,મોંઘવારી ભથ્થું, ઘર ભાડાં ભથ્થુ સહિત માંગણી ઘણાં સમયથી પડતર છે. વારંવાર આંદોલન કરવા છતાં કોઈ નિરાકરણ આવતું નથી. દર વખતે હૈયા ધારણા આપવામાં આવે છે. જેથી ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા પુન : પડતર માંગણીઓ અંગે આગામી 13મી ફેબ્રુઆરીથી લડત ચાલુ કરવામાં આવશે.

# કપડવંજની પરિણીતા પાસે સાસરિયાઓએ હોટલ માટે ₹10 લાખ માંગતા ફરિયાદ

**હોટલ** ચલાવવી હોય તો તારા પિયરમાંથી 10 લાખ લેતી આવ કહી પતિએ પત્નીને કાઢી મૂકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.11

કપડવંજ શહેરમાં રહેતી 35 વર્ષિય પરણીત યુવતીનો લગ્ન જીવન એક દાયકના વધુ સમય બાદ ડામાડોળ પર આવી ગયો છે. અમેરીકાથી સાસુ ઘરે આવતાની સાથે સાસુના ચંચૂપાતથી પતિ-પત્નીના સુખી સંસારમાં દરાર પડી છે. પતિ અને નણંદોની ચઢામણીથી કંટાળેલી પીડીતાએ ગતરોજ કપડવંજ ટાઉન પોલીસમાં પોતાના પતિ, સાસુ અને બે નણંદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં રૂપિયા 10 લાખ દહેજ પેટે માગ્યા હોવાના આક્ષેપ સાસરીયા સામે પીડીતાએ કર્યા છે.

કપડવંજ શહેરમાં રહેતા 35 વર્ષિય અંજનાબેન પટેલના લગ્ન વર્ષ 2009માં હીન્દુ જ્ઞાતીના રીતી રીવાજ મુજબ થયા હતા. તેનો પતિ હરિભાઈ પટેલ કપડવંજના કાવઠ પાટીયા પાસે હોટેલ ચલાવે છે. લગ્ન બાદ સાસરીમાં આવેલા પરીણિતાએ બે સંતાનોને જન્મ આપ્યો હતો. જેમાં એક દીકરો 12 વર્ષનો છે અને એક દિકરી 4 વર્ષની છે. આ પરીણિતાના સાસુ મંગળાબેન પટેલ લાંબા સમયથી અમેરિકા મૂકામે સ્થાઈ થયેલા હતા. પરંતુ તેઓ છેલ્લા એક વર્ષથી કપડવંજ પોતાના દિકરાના ઘરે રહેવા આવેલા હતા. આ દરમિયાન સાસુ નાનીનાની વાતોમાં અને ઘરના કામકાજમાં ચંચૂપાત કરી પોતાની પુત્રવધુને માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા. સાસુ પોતાની દાઝ પૌત્ર પર કાઢતા હોય પુત્રવધુએ આમ ન કરવા જણાવતાં ઘર કંકાસ થયો હતો. સાસુ અને ત્રણ પૈકી 2 નણંદો પરણિતાના પતિની કાનભંભેરણી કરી પરીણિતા વિરુદ્ધ ભડકાવી ચઢામણી કરતા હતા. જેથી પતિ પણ પોતાની માતાની વાતોમાં આવી પરીણિતા સાથે મારઝૂડ કરતો હતો. જોકે વાત પરીણિતાના પીયર સુધી પહોંચી હતી. પરંતુ બે સંતાનોનું જીવન ન બગડે તે હેતુથી પીડીતા નમતુ મૂકી સાસરીમાં રહેતી હતી. જોકે આ બાદ પણ લગ્ન વખતે કાંઈ આપ્યું નથી તેવા મહેણા મારી આડકતરી રીતે પિયરમાંથી રૂપિયા લઈ આવ તેમ કહેતા હતા. બાદમાં કહ્યું કે અમારે હોટેલનો ધંધો છે અને તારા પિતાએ લગ્નમાં કાઈ આપ્યું નથી તેથી રૂ.10 લાખ લઈ આવ તેમ જણાવ્યું હતું. જોકે મોડી રાત્રે પીડીતાને સંતાનો સાથે ઘરની બહાર કાઢી મૂકી હતી.

જે બાદ પરીણિતા પોતાના પિયરમાં આવી સમજાવવા પ્રયત્ન કર્યો હતો. પીડીતાએ એટલે સુધી કીધું કે આપણા સંતાનોનું ભણતર બગડે છે જેથી આપણે શાંતિથી રહીએ એમ ફોન કરી આમ કહેતા ત્યારે પતિએ ચોખ્ખું કહી દીધું પત્નીને કે હોટલ સારી રીતે ચલાવી છે તો તારા પિયરમાંથી રૂ.10 લાખ લેતી આવજે. જેથી આ સંદર્ભે પીડીતાએ કપડવંજ ટાઉન પોલીસમાં પોતાના પતિ, સાસુ અને બે નણંદો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# જીઆરડીમાં ઉમેદવારોની ભરતી પ્રક્રિયા યોજાશે

**કૃષિ યુનિવર્સિટી** એગ્રીકલ્ચર ગ્રાઉન્ડ, આણંદ ખાતે સવારે 6:30 કલાકે હાજર રહેવા સૂચન

(પ્રતિનિધિ) આણંદ, તા.11

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, આણંદના તાબા હેઠળના પોલીસ સ્ટેશન ખાતે માનદ સેવા માટે જી.આર.ડી. પુરુષ સભ્યોની ભરતી કરવા જી.આર.ડી. ભરતીના ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. આ ભરતી માટે અરજી કરેલ ઉમેદવારોને તબક્કાવાર બોલાવવામાં આવનાર છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રીકલ્ચર ગ્રાઉન્ડ, હાડગુડ રોડ, આણંદ ખાતે સવારના 6-30 કલાકે ઉમેદવારોએ સહિ સિક્કા વાળા ભરતી ફોર્મની નકલ સાથે હાજર રહેવાનું રહેશે.

તા. 12 ફેબ્રુઆરીના રોજ આણંદ તાલુકાના તાબા હેઠળના આણંદ ટાઉન, આણંદ રૂરલ તથા વિદ્યાનગર,તા. 13 ફેબ્રુઆરીના રોજ આણંદ-ઉમરેઠ તાબા હેઠળના વાસદ, ખંભોળજ, ભાલેજ તથા ઉમરેઠ, તા. 14 ફેબ્રુઆરીના રોજ પેટલાદ તાબા હેઠળના પેટલાદ ટાઉન, પેટલાદ રૂરલ તથા મહેળાવ, તા. 15 ફેબ્રુઆરીના રોજ બોરસદ, આંકલાવ તાબા હેઠળના બોરસદ ટાઉન, બોરસદ રૂરલ, ભાદરણ, વિરસદ તથા આંકલાવ, તા. 16 ફેબ્રુઆરીના રોજ ખંભાત તાબા હેઠળના ખંભાત સીટી તથા ખંભાત રૂરલ અને તા. 17 ફેબ્રુઆરીના રોજ તારાપુર, સોજીત્રા તાબા હેઠળના તારાપુર તથા સોજીત્રા પોલીસ સ્ટેશન માટે અરજી કરેલ ઉમેદવારોએ હાજર રહેવા જણાવાયું છે.

# વડતાલમાં ઉત્સવ : 1100 કિલો જામફળના અન્નકૂટનો સંત્સંગીઓએ લ્હાવો લીધો

**હરિભક્તો** ભગવાનનો રાજીપો પ્રાપ્ત કરવા ઋતુ પ્રમાણે ફળો ધરાવી રાજીપો પ્રાપ્ત કરી રહ્યા છે

(પ્રતિનિધિ) વડતાલ, તા.11

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી ઉપક્રમે વડતાલધામના દેવોને 1100 કિલો જામફળનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેના યજમાન ધરમપુરના સ્નેહલભાઈ ઉમેદભાઈ પટેલ હતા. જેનો હજ્જારો હરિભક્તોએ જામફળ ઉત્સવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

વડતાલ સ્વામિનારાયણ મંદિરના કોઠારી ડૉ.સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દીના ઉપક્રમે આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આશિર્વાદથી મંદિરમાં હરિભક્તો ધ્વારા ઋતુ પ્રમાણે ફળોનો અન્નકૂટ દેવોને ધરાવવામાં આવે છે. અને હરિકૃષ્ણ મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી ધન્યતા અનુભવે છે. રવિવારે ધરમપુરના સ્નેહલ પટેલ દ્વારા 1100 કિલો જામફળ દેવોને ધરાવી જામફળ ઉત્સવ ઉજવ્યો હતો. જેનો હજ્જારો હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હરિભક્તો ભગવાનનો રાજીપો પ્રાપ્ત કરવા અવારનવાર ઋતુ પ્રમાણે ફળો ધરાવી રાજીપો પ્રાપ્ત કરી રહ્યા છે. આ અગાઉ દેવોને દાડમ, શેરડી, બોરનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. રવિવારે 25 હજારથી વધુ ભક્તોએ દર્શન આશીર્વાદનો લાભ લીધો હતો. અને દર્શનાર્થીઓએ પ્રસાદનો પણ લાભ લીધો હતો. આ સમગ્ર વ્યવસ્થા શ્યામવલ્લભ સ્વામી એવં સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
કિશોર પ્લાઝા, આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
**ઈશાન ન્યૂઝ પેપર એજન્સી**
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ,
સંપર્ક : 9924487199